# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

બીજોમાળ,એસપીસી બિલ્ડીગ,એલ.ડી.કોલેજ ઓફ એન્જી. કેમ્પસ,નવરંગપુરા, અમદાવાદ :૧૫.

ACPDC

## રાજયની સરકારી / અનુદાનિત પોલિટેકનિકમાં ધો.૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરીના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે.

એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા દ્વારા રાજયની સરકારી / અનુદાનિત/ પીપીપી/ સ્વનિર્ભર સંસ્થાઓની કુલ સંખ્યા : ૧૪૨ અને તેની બેઠકો કુલ : ૬૪૧૬૯ છે. જે પૈકી સરકારી સંસ્થાઓ ૩૧, અનુદાનિત ૦૫ સંસ્થાઓ છે અને તેની કુલ બેઠકો : ૧૯૦૯૧ છે. જેમાં ટેકનિકલ વિવિધ પ્રોફેશનલ અભ્યાસક્રમોની સંખ્યા : ૨૪ છે. જેની પ્રવેશ લાયકાત : ધો.૧૦ પાસ ( અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત વિષય સાથે ૩૫% મેળવેલ હોવા જોઈએ). સરકારી સંસ્થાઓમાં છોકરાઓ માટેની **વાર્ષિક ટયુશન ફી રૂ. ૧૦૦૦/– છે, અને છોકરીઓ માટે વિનામૂલ્યે છે.** સરકારી સંસ્થાઓનુ કેમ્પસ : AICTE, New Delhi ની ગાઈડલાઈન મુજબના શૈક્ષણિક સંસ્થાને અનુરૂપ અદ્યતન બિલ્ડીગો,માળખાકીય સુવિધા, પ્રયોગશાળા, કલાસ રૂમો તેમજ ઈન્ટરનેટ સગવડ સાથેના અભ્યાસક્રમોને સંલગ્ન પુસ્તકો અને રેફરન્સ પુસ્તકની વિશાળ શૃંખલાની લાયબ્રેરીઓ છે. મહત્તમ અધ્યાપકગણો માસ્ટર ડીગ્રી / પી.એચ.ડી. ની લાયકાત તેમજ બહોળો અનુભવ ધરાવે છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટેની અલગ – અલગ હોસ્ટેલ, મેસ / કેન્ટીનની સુવિધા છે. અભ્યાસેત્તક પ્રવૃત્તિઓ : સતત ઉપલબ્ધ અધ્યાપકગણ / સ્ટાફ દ્વારા ઓનલાઈન પેરેન્ટસ મીટીગ અભ્યાસેત્તક પ્રવૃત્તિઓ સાથે ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવે છે. જેમાં સંસ્થાના ટ્રેનિંગ એન્ડ પ્લસમેન્ટ સેલ દ્વારા ઉદ્યોગોને આમંત્રણ આપીને કેમ્પસ ઈન્ટરવ્યુની વ્યવસ્થા કરવામાં આવે છે. જે માટે સદરહું સેલ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ માટે તૈયાર કરવામાં આવે છે. તેની સાથે ઉદ્યોગસાહસિકતા માટે MSMEનુ માર્ગદર્શન અને સેમીનારની વિદ્યાર્થીઓ માટે ગોઠવણ કરવામાં આવે છે. શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજયમાં નામાંકિત કંપનીઓને આમંત્રણ આપીને તત્કાલ નોકરીની તક આપવામાં આવે છે. આ સેલ દ્વારા પાસ આઉટ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે વધુ પ્રમાણમાં સ્નાતક અભ્યાસક્રમમાં જોડાવવા માટે માર્ગદર્શન અને તેની સમજ આપવામાં આવે છે. ગુજરાતની નામાંકિત યુનિવર્સિટી " ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) " સાથે જોડાણ ધરાવતા હોવાથી પરીક્ષા તેના દ્વારા લેવામાં આવે છે અને પ્રમાણપત્ર આપવામાં આવે છે અને તેના વિવિધ યોજના તેમજ કાર્યક્રમોનો વિદ્યાર્થી દ્વારા ભાગ લેવામાં આવતો હોય છે. વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે NCC દ્વારા સહાસિકતા સાથે શિસ્તપાલન તેમજ NSS દ્વારા સામાજીક કાર્યો અંગેની પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. (હાલમાં સરકારશ્રી ધ્વારા NBA ACCREDITATION ગુણવત્તા યુકત શિક્ષણના પ્રમાણપત્રો મેળવવા માટેની કાર્યવાહી ચાલી રહી છે જે વર્ષ : ૨૦૨૨–૨૩ સુધીમાં સરકારી સંસ્થાઓના વિવિધ મહત્તમ અભ્યાસક્રમો આવા પ્રમાણપત્રો મેળવશે. **તાજેતરમાં સરકારી પોલિટેકનિક,અમદાવાદના ચાર અભ્યાસક્રમોને NBA ACCREDITATION ગુણવત્તા યુકત શિક્ષણના પ્રમાણપત્ર ૦૩ વર્ષ માટે મળેલ છે.**) RUSA યોજના હેઠળ અદ્યત્તન સાધન સામગ્રી તેમજ આધુનિક ટેકનોલોજીની ટીચીગ લર્નીગની પોલિસી માટે અધ્યાપકગણને તાલીમબધ્ધ કરવામાં આવે છે.

**<u>વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ માટેની શિષ્યવૃત્તિ યોજનાઓ :–</u>**

(૧) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) (૨) ટયુશન ફી માફી યોજના (TFWs) હેઠળ ટયુશન ફી માફી (૩) દિવ્યાંગની વ્યાખ્યામાં આવતા ઉમેદવારો માટે SPPWD ની યોજના અંતર્ગત ટયુશન ફી તેમજ અન્ય સહાય (૪) ફકત છોકરીઓ માટે પ્રગતિ શિષ્યવૃત્તિની યોજના (૫) સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) ધ્વારા વિદ્યાર્થીઓને અપાતી અમૂલ્ય તક (૬) ફિનિશીગ સ્કુલ : કોમ્પ્યુનીકેશન સ્કીલ – લેગ્વેજ શીખવા માટેની અપાતી તક (૭) UDISA યોજના હેઠળ વિદ્યાર્થીઓને નોકરી માટે ટેકનિકલ સ્કીલ ડેવલોપ કરીને ઉત્તમતા શ્રેષ્ઠ કરવાની તક (૮) EBSB : એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના હેઠળ વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રવૃત્તિ દ્વારા સર્વાંગી વિકાસ (૯) રાજય સરકાર દ્વારા મળવાપાત્ર અન્ય શિષ્યવૃત્તિઓની યોજનાઓ...(૧૦) પોલિટેકનિક / સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટે રાજયની નામાંકિત સંસ્થાઓ જેવી કે Indo German Tool Room, CIPET અને NSIC દ્વારા વિનામુલ્યે ગુણવત્તાસભર તાલીમોનું આયોજન કરવામાં આવે છે. જેનુ સંચાલન GKS દ્વારા હાથ ધરવામાં આવે છે.

ધો.૧૦ બાદ ડિપ્લોમા એન્જી. રજીસ્ટ્રેશન માટે વેબસાઈટ : www.gujdiploma.nic.in

ડિપ્લોમા પ્રવેશ સમિતિની અધિકૃત વેબસાઈટ : www.acpdc.co.in

– મેમ્બર સેક્રેટરી.